પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૨૬ | ૧૫ જુલાઈ, ૨૦૨૩, શનિવાર; અષાઢ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

ચંદ્રયાન-૩ની ચંદ્ર તરફ ઐતિહાસિક ઊડાન

સતીશ ધવન સ્પેસ સેન્ટરથી ચંદ્રયાન-૩એ બપોરે ૨.૩૫ કલાકે ઐતિહાસિક સફળ ઊડાન ભરી : ભારતીય વૈજ્ઞાનિકોએ ઈતિહાસ સર્જ્યો, સમગ્ર દેશ સફળતાનો સાક્ષી બન્યો : ૬૧૫ કરોડના ખર્ચે તૈયાર થયેલું આ મિશન લગભગ ૫૦ દિવસ બાદ ચંદ્રના દક્ષિણ ધ્રુવ નજીક ઉતરશે

શ્રીહરીકોટા, તા.૧૪

આજે ભારતે ઈતિહાસ રચ્યો છે. ઈસરો દ્વારા આંધ્રપ્રદેશના સતીશ ધવન સ્પેસ સેન્ટર શ્રીહરિકોટા ચંદ્રયાન-૩ને સફળતા પૂર્વક લોન્ચ કરવામાં આવ્યું છે. આખો ભારત દેશ આ સફળતાનો સાક્ષી બન્યો છે. આ સાથે ઈસરોના વડા એસ.સોમનાથે આ મિશન સાથે જોડાયેલા વૈજ્ઞાનિકો તેમજ દેશના તમામ લોકોને શુભકામના પાઠવી છે. ચંદ્રયાન-૩ આજે બપોરે ૨.૩૫ કલાકે ચંદ્ર તરફ ઉડાન ભરી છે અને તે ચંદ્ર પર જવાના રવાના થઈ ગયું છે. આ એક ભારતની સૌથી મોટી સફળતા છે. ૬૧૫ કરોડના ખર્ચે તૈયાર થયેલું આ મિશન લગભગ ૫૦ દિવસની મુસાફરી બાદ ચંદ્રના દક્ષિણ ધ્રુવની નજીક

● અનુસંધાન પાન-૭ પર



૪૧ દિવસે ચંદ્ર પર લેન્ડ થશે

ચંદ્ર ઉપર થતાં સંશોધનમાં નવો અધ્યાય શરૂ થશે : ભારતનું રોવર ચંદ્ર પર ઉતરશે તો ભવિષ્યના દરેક આયોજનો અને સ્પેસ મિશન માટે દિવાદાંડી સમાન બનશે

બેંગલુરૂ, તા.૧૪

ભારત આ વખતે અદ્વિતિય ઈતિહાસ રચવાની તૈયારીમાં છે. ઈસરો દ્વારા તૈયાર કરવામાં આવેલું ચંદ્રયાન-૩ આજે સતીશ ધવન સ્પેસ સેન્ટર શ્રીહરિકોટાથી લોન્ચ થશે અને ૪૧ દિવસ બાદ ચંદ્રની ધરતી ઉપર લેન્ડ થશે. તેની આ ઐતિહાસિક સફર બાદ ચંદ્ર ઉપર થતાં સંશોધનમાં એક એવા અધ્યાયની શરૂઆત થશે જે ભારત માટે અને સાથે સાથે સમગ્ર વિશ્વ માટે આશાનું નવું કિરણ લઈને આવશે. અમેરિકા અને તેની સ્પેસ એજન્સી નાસા પણ આ મિશન તરફ મીટમાંડીને બેઠા છે.

ચંદ્રયાન-૩માં પણ ત્રણ ભાગ રાખવામાં આવેલા છે, સ્વદેશી પ્રોપલ્શન મોડ્યુલ, લેન્ડર અને રોવર

બેંગલુરૂ, તા.૧૪

૧૪ જુલાઈ ૨૦૨૩નો દિવસ એટલે કે આજે બપોરે ૨:૩૫ વાગ્યે ચંદ્રયાન-૩ ચંદ્ર તરફ ઉડાન ભરી. જે ૪૫થી ૫૦ દિવસની યાત્રા બાદ ચંદ્રના દક્ષિણ ધ્રુવની નજીક લેન્ડિંગ કરશે.

ચંદ્રયાન-૩માં પણ ત્રણ ભાગ રાખવામાં આવેલા છે. સ્વદેશી પ્રોપલ્શન મોડ્યુલ, લેન્ડર અને રોવર. પ્રોપલ્શન મોડ્યુલ પોતાની રીતે કામ કરશે અને લેન્ડિંગમાં સહાય કરશે. ચંદ્રયાન-૨ના ઓર્બિટરનો પણ ઉપયોગ કરી શકાય એમ છે જેથી કોમ્યુનિકેશન જળવાઈ રહે. જૂનું ઓર્બિટર ચંદ્રની આસપાસ ચક્કર મારશે અને તે લેન્ડર તથા રોવર સાથે કનેક્શન રાખશે. લેન્ડર જ્યારે રોવરની સાથે લેન્ડિંગ કરશે ત્યારે તેની ઉપર મોનિટરિંગનું કામ કરશે. રોવર જ્યારે લેન્ડરથી અલગ પડીને ચંદ્રની

● અનુસંધાન પાન-૭ પર

નિસાર ઉપગ્રહ ૨૦૨૪ની શરુઆતમાં લોન્ચ કરાશે

ભારત અને અમેરિકાએ સાથે મળીને નાસા-ઇસરો સિંથેટિક અપર્ચર રડાર એટલે કે નિસાર ઉપગ્રહ તૈયાર કર્યો છે

નવી દિલ્હી, તા.૧૪

ભારત અને અમેરિકા આગામી સ્પેસ મિશન માટે ભારતીય સ્પેસ ઓર્ગેનાઈઝેશન એટલે ઈસરો (ઈસરો) અને અમેરિકન સ્પેસ ઓર્ગેનાઈઝેશન નાસા (નાસા) ના સંયુક્ત મિશન નિસાર સેટેલાઈટને લઈને મોટા સમાચાર આવી રહ્યા છે. નિસાર ઉપગ્રહના બે મહત્વના ભાગ જોડવામાં આવ્યા છે. નિસાર ઉપગ્રહ ૨૦૨૪ની શરુઆતમાં લોન્ચ કરવામાં આવશે. ભારત અને અમેરિકાએ સાથે

● અનુસંધાન પાન-૭ પર

અરૂણાચલને ભારતના અભિન્ન અંગ તરીકે યુએસની માન્યતા

અમેરિકન કોંગ્રેસની સેનેટોરિયલ સમિતિએ અરુણાચલને ભારતના અભિન્ન અંગ તરીકેનો પ્રસ્તાવ પાસ કર્યો

વોશિંગ્ટન, તા.૧૪

અરુણાચલ પ્રદેશ મામલે ચીનને ઝાટકો આપતાં અને ભારતન ગદગદીત કરી દે તેવા અહેવાલ અમેરિકાથી આવ્યા છે. માહિતી અનુસાર અમેરિકન કોંગ્રેસની એક સેનેટોરિયલ સમિતિએ અરુણાચલ પ્રદેશને ભારતના અભિન્ન અંગ તરીકે માન્યતા આપતો પ્રસ્તાવ પાસ કરી દીધો છે. આ પ્રસ્તાવ સેનેટર જેફ મર્કલે, બિલ હેગર્ટી, ટિમ કાઈન અને ક્રિસ વાન હોલેન દ્વારા રજૂ કરાયો હતો. આ પ્રસ્તાવમાં એ વાતની પુષ્ટી કરાઈ છે કે અમેરિકા મેકમહોન લાઈનને પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઈના અને ભારતના રાજ્ય અરુણાચલ પ્રદેશ વચ્ચે આંતરરાષ્ટ્રીય સરહદ તરીકે માન્યતા આપી રહ્યું છે.

એક નિવેદનમાં જણાવાયું હતું કે આ પ્રસ્તાવ ચીનના એ દાવાને નકારે છે કે જેમાં અરુણાચલ પ્રદેશના મોટા હિસ્સાને પીઆરસી ક્ષેત્ર ગણાવાયો છે. જોકે પ્રસ્તાવ પૂર્ણ મતદાન માટે સેનેટમાં જશે. કોંગ્રેસના કાર્યકારી આયોગના સહ-અધ્યક્ષ તરીકે કામ કરનારા સેનેટર મર્કલેએ કહ્યું કે સ્વતંત્રતા અને નિયમ-આધારિત વ્યવસ્થાનું સમર્થન કરનાર અમેરિકાના મૂલ્યો દુનિયાભરમા અમારા તમામ કાર્યો અને સંબંધોના કેન્દ્રમાં હોવા જોઈએ.

તેમણે કહ્યું કે આ પ્રસ્તાવ પસાર થવાથી સમિતિ પુષ્ટી કરે છે કે અમેરિકા ભારતીય રાજ્ય અરુણાચલ પ્રદેશને ભારતના અભિન્ન અંગ તરીકે જુએ છે ન કે પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઈના તરીકે અને અમેરિકા આ ક્ષેત્રને સમર્થન અને સહાય આપવા પ્રતિબદ્ધ છે. હેગર્ટીએ કહ્યું કે એવા સમયે જ્યારે ચીન એક મુક્ત અને ખુલ્લા ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર માટે સતત જોખમો ઉભા કરી રહ્યું છે,

● અનુસંધાન પાન-૭ પર

જ્યોતિ યારાજીએ ૧૦૦ મીટર દોડમાં ગોલ્ડ જીત્યો

બેંગકોકમાં એશિયન એથલેટિક્સ ચેમ્પિયનશિપમાં સિદ્ધિ : જ્યોતિએ માત્ર ૧૩.૦૯ સેકન્ડમાં ૧૦૦ મીટરનું અંતર કાપ્યું

નવી દિલ્હી, તા.૧૪

ભારતીય યુવા દોડવીર જ્યોતી યારાજીએ સૂવર્ણ ઈતિહાસ રચ્યો છે. જ્યોતીએ બેંગકોકમાં ચાલી રહેલ એશિયન એથલેટિક્સ ચેમ્પિયનશિપમાં ભારત માટે ગોલ્ડ મેડલ મેળવ્યો છે. જ્યોતીએ મહિલાઓની ૧૦૦ મીટર રનીંગ રેસમાં ગોલ્ડ જીત્યો છે. તેણે માત્ર ૧૩.૦૯ સેકન્ડમાં ૧૦૦ મીટરનું અંતર કાપ્યું છે. એશિયન એથલેટિક્સ ચેમ્પિયનશિપમાં ભારતે એક જ દિવસે ત્રણ ગોલ્ડ મેળવ્યા છે. અને એક બ્રોન્ઝ મેડલ મળવ્યું છે. ૨૩ વર્ષિય જ્યોતી યારાજીએ માત્ર ૧૩.૦૯ સેકન્ડમાં ૧૦૦ મીટરનું અંતર કાપી ઈતિહાસ રચ્યો છે. આ સ્પર્ધામાં જાપાનની આસુકા બીજા ક્રમાંકે આવી હતી. તેણે ૧૩.૧૩ સેકન્ડમાં ૧૦૦ મીટરનું અંતર પાર કર્યું હતું. ત્રીજા ક્રમાંકે આવેલ ઓકી માસુમીએ ૧૩.૨૬ સેકન્ડમાં આ અંતર પાર કર્યું હતું. જ્યોતીએ ૧૦૦ મીટરમાં ગોલ્ડ મેળવી ઈતિહાસ રચ્યો છે.

યમુના નદીમાં પુરથી દિલ્હી પાણીમાં, સેનાની મદદ લેવાઈ

યમુના નદીના જળસ્તરમાં સતત વધારો નોંધાયો

નવી દિલ્હી, તા.૧૪

એક તરફ યમુના નદીના જળસ્તરમાં સતત વધારો થવાને કારણે દિલ્હી પર મુસીબતોનો પહાડ તુટી પડ્યો છે, દિલ્હી આખું પાણીમાં ડુબી ગયું હોવા તેવી સ્થિતિ જોવા મળી રહી છે. ચારેકોર ભરાયેલા પાણીએ સૌને પરેશાન કરી દીધા છે, તો બીજી તરફ દિલ્હી અને નોઈડામાં ભારે વરસાદે ફરી ટેન્શન વધાર્યું છે. હાલ મળતા અહેવાલો મુજબ રાજધાનીના ઘણા વિસ્તારોમાં ફરી ભારે વરસાદ શરૂ થયો છે, આવી સ્થિતિમાં યમુના નદીના જળસ્તરમાં વધારો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

થોડા સમય પહેલાં જ હવામાન વિભાગે દ્વારા જારી કરાયેલા એલર્ટમાં જણાવાયું હતું કે, ૨ કલાક દરમિયાન દિલ્હીના બવાના, બુરાડી, રોહિણી, મોડલ ટાઉન, પીતમપુરા, ઈન્ડિયા ગેટ, લોદી રોડ, નેહરુ સ્ટેડિયમ, લાજપત નગર, કાલાકાજીમાં વરસાદ પડી શકે છે.

● અનુસંધાન પાન-૭ પર

ફ્રાંસમાં પણ યુપીઆઈથી પેમેન્ટ કરી શકાશે

પ્રધાનમંત્રી મોદી અને ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમાન્યુએલ મેક્રો વચ્ચે મુલાકાત થયા બાદ ફ્રાંસ અને ભારતની વચ્ચે યુપીઆઈને લઈને ડીલ પાક્કી થઈ

નવી દિલ્હી, તા.૧૪

પીએમ મોદી હાલ ફ્રાંસની મુલાકાતે છે. અહીં પીએમ મોદીનું લીઝન ઓફ ઓનરથી સન્માન કરવામાં આવ્યું હતું. આ સન્માન મેળવનારા તેઓ પહેલાં ભારતીય બન્યા છે. પીએમ મોદીએ કહ્યું કે, યૂનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ એટલે કે UPIના ઉપયોગને લઈ ભારત અને ફ્રાંસ વચ્ચે એક મોટી સહમતિ થઈ છે. જેના પરિણામે હવે તેનો ઉપયોગ ફ્રાંસમાં પણ કરી શકાશે. જેના કારણે હજારો ભારતીયોને ફાયદો થશે અને એક મોટુ બજાર પણ ઉભુ થશે. પીએમ મોદીએ અહીં એક કલા કેન્દ્રમાં ભારતીય સમુદાયને સંબોધતા કહ્યું કે, ટૂંક જ સમયમાં ભારતીય પર્યટકો એફિલ ટાવર પાસે યુપીઆઈનો ઉપયોગ કરીને પેમેન્ટ કરી શકશે. યુપીઆઈને લઈ ભારત અને ફ્રાંસ વચ્ચે એક સમજૂતી થઈ છે. જેની શરુઆત એફિલ ટાવરથી કરવામાં આવશે. જેથી હવે અહીં આવતા ભારતીય પર્યટકો યુપીઆઈ દ્વારા અહીં પેમેન્ટ કરી શકશે. મહત્વનું છે કે, વર્ષ ૨૦૨૨માં યુપીઆઈ સેવા

● અનુસંધાન પાન-૭ પર

M.D.GROUP TUITION
• Std. 11-12 Maths - Phy - Chem - Bio
• Std. 11-12 Accounts - Statistics - Eco - BST
• Std. 6 to 10 Maths - Science - English & S.S* Both Medium
IELTS & UPSC-GPSC-IAS-IPS
ICSE - CBSE - GSEB - IB - ISC
Group and Personal Tuition at your home
ICSE Specialist M.D. SIR
Director : M.D. Patel (M.D. SIR) Elect. Engg.& B.Sc. Maths.)
Branch : (1) F-301 Sarthak Fortune Mall, Nr. City Pulse, Urjanagar, Kudasan. (2) 120, The Sky Court, Below Divine Hospital, Sargasan (3) Plot No. 353/1, Sec.2-B
Mo. 9377128297, 8849161449

ARENA ANIMATION CHANDKHEDA
ADMISSION OPEN 2023-24
10th/12th PASS/FAIL & WITH COLLEGE
VFX
ANIMATION- 2D/3D
3dsMAX
GRAPHICS
MOTION GRAPHICS
AUDIO-VIDEO EDITING
WITH 100% LOAN FACILITY
WITH JOB PLACEMENT SUPPORT
CALL -8866101555

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા
30g પ્રોટીન
₹52*/ 1 L
અમૂલ તાજા
500mL: ₹ 26* | 15g પ્રોટીન
*એમઆરપી (બધાં કરવેરા સહિત), ટ્રાન્સપોર્ટેશન અને કૂલિંગ ચાર્જિસ સામેલ છે. શરતો લાગુ. પૂછપરછ/ઉપલબ્ધતા માટે કૃપા કરી સંપર્ક કરોઃ અમદાવાદ અને સૌરાષ્ટ્રઃ 079-23969055/56/57.
Amul The Taste of India

॥ જય શ્રી સ્વામિનારાયણ નમ : ॥
ગાંધીનગરની સ્વાદપ્રિય જનતાના હૃદયમાં 36 વર્ષથી વિશ્વનીય સ્થાન ધરાવતી
SINCE 1986
હોટલ ગોકુલ
37 માં વર્ષમાં મંગલ પ્રવેશ
A.C. ડાઈનીંગ હોલ એન્ડ ગેસ્ટ હાઉસ
સ્પે.મેનુ સાથે સ્વિટ ફ્રી
માસિક જમવાની વ્યવસ્થા
A.C. તથા નોન A.C. રૂમ
ટીફીન સેવા ઉપલબ્ધ
પાર્ટી ઓર્ડર સ્વીકારવામાં આવશે.
ગુજરાતી થાળી
પ્લોટ નં. ૪૩૭, એકસીસ બેન્કની બાજુમાં, ઘ-૫ પાસે, સેક્ટર-૧૬, ગાંધીનગર. મો.૯૪૨૯૭ ૨૨૨૨૬, મો. ૯૯૨૪૯ ૪૮૬૨૮
goibibo yatra.com make my trip cleartrip Stayzilla travelguru paytm Justdial facebook